૭૮૬

સૈયદ પીર મશાયખ (૨૯૦) કૃત.

દીવાને મશાયખ ફસલ ચોથીમાંનું

હલીયાનું બયાન.

સંગ્રહ કરી પ્રગટ કરનાર

જમાલુદ્દીન નુરમોહમ્મદ સાલેહ.
૬૦ ફોરલેંડ રોડ, મુંબઈ.

આવૃતિ પહેલી પ્રત ૫૦૦

ઈ૦ સ૦ ૧૯૨૨ * હીજરી સન ૧૩૪૦

કાચું પુઠું કિંમત ચાર આના.
પાકું ,, ,, દસ ,,

પ્રસ્તાવના.

શરૂ કરૂં છું ખુદાના નામથી કે જે મોટો મહેરબાન અને રહેમ કરવાવાલો છે.

અલ્લાહ તાલાની લાખ લાખ હમ્દ અને શુકર છે કે તેણે તરેહ તરેહથી પોતાનો માર્ગ અમારા ઉપર જાહેર કર્યો કે જે માર્ગની આગળ સર્વે માર્ગો ખોટેલ છે અને હજારો હજાર દરૂદ અને સલાંમ હઝરત મુહંમદ મુસ્તફા સ૦અ૦સ૦ અને તેમની આલ અને અસહાબો ઉપર છે કે તેવણુની હદીસોનો ખજાનો કુરઆન બાદ ખુદાનો માર્ગ બતાવવાને ઉત્તમ સાધન છે. હદીસોના અજાણ-પણાથી માણસ ભુલેલો રહે એમા નવાઈ નથી અને એની જાણથી દીલમાં નુરની રોશની થાય છે એમાં કઇ શક નથી.

હુલીયા છપાવવાની જરૂરત શા માટે પડી, હું શરૂઆતમા સૈયદ પીર મશાયખ (રહ૦) ની કિતાબો જોવા લાગ્યો ત્યારે મને એમ જણાવા લાગ્યુ કે સૈયદ પીર મશાયખ (રહ૦) મુમનો માટે થોડી ઘણી નાની કિતાબો લખી આપેલ હશે, અને તે પણ વગર કાયદેથી લખી હશે, પરંતુ જ્યારે હું તે વિશેની વધારે તપાસ લીધી તો તે કિતાબોમા તૌહિદના બયાનમા કુરઆન શરીફની આયતોનો તરજુમો જોવામા આવ્યો અને તેજ કિતાબોમા ખુદાની બોજરગી અને તેની બંદગીની પરજ એતેકાદની જરૂર ઈમાનદારી, ખરા એકીન અને સાચા મનથી હક મઝહબની પેરવી કરવી એ આકેબતમાં તથા સંસારમા સુખનો પાયો છે તેવુ બતાવેલ છે તેથી મને બીજી કિતાબોને શોધવાનો વિચાર થયો કે પીર મશાયખ (રહ૦) ની જે જે કિતાબો હોય તે સર્વેની તપાસ કરી તે કિતાબો લખીને સંગ્રહ કરી રાખવા તેવા વિચાર થતા ગામો ગામ જવુ શરૂ કીધુ, જે જે ગામોમા જે મારાથી અજાણ્યા બયાનો હતાં તે કિતાબો નજરે પડતી તો તે કિતાબને મારા ઘરના જરૂરી કામ પડતાં મુકી લખવા મંડી જતો તે પ્રમાણે કામ લેવાથી પીર મશાયખ (રહ૦)ની ઘણી કિતાબોનો મારી પાસે સંગ્રહ થયો, જેમ કે નમાજ, રોજા, હજ, જકાત અને બીજા ઘણા મસલાઓના બયાનો હનફી તરીકા ઉપર માલમ પડ્યા આવ્યા, અને બીજી ઘણી કિતાબો જેવી કે ખુલફાએ રાશેદીન, ગઝવાત મેરાજનામુ, ફીકાહ, હદીસની, મક્તુલનામુ વીગેરે વીગેરે જોતાં મને એમ જણાવા લાગ્યું. જેમ જેમ હું કિતાબોને બારીક નજરથી જોવા લાગ્યો તેમ તેમ મને સમજ પડતી ગઇ કે પીર મશાયખ (રહ૦) કઇ પોતે મન કલ્પિત કિતાબો લખી નથી પણ સુન્નત વલ જમાઅતની મોટી મોટી કિતાબો જેવી કે મીશકાત શરીફ, શરે વકાયા, કંજ કારી વીગેરે માંથી જ્યાં જ્યાં જરૂર જણાઇ ત્યાં ત્યાંથી તેના તરજુમાઓ કરી પોતાની કિતાબોમાં બોધ આપેલ છે તેવું દેખાવાથી મને વધારે ને વધારે મહોબત થતી ગઇ. પીર મશાયખ

(૨હ૦) એ મુમનો માટે કેટલી મહેનત, કેવી ખંત અને કેટલી ઉલટની સાથે કેટલાંક જોખમો ખેડવાં પડયાં હશે તે તો ખુદા જાણે પણ ઘણી જરૂરી અને મુદ્દાવાલી ચીજ મુકી ગયા છે તેવુ જણાવા લાગ્યું. હું અહીયાં પીર મશાયખ (૨હ૦) નું જીવન ચરિત્ર કંઇ લખવા માંગતો નથી, પરંતુ એટલુ જણાવીશ કે તે જે હદીસો અને ફીકાહની કિતાબો અગાઊ અરબી, ફારસી માં હસ્તી ધરાવતી હતી પરંતુ અત્યારે તેજ કિતાબો ઉરદુ ભાષામાં છપાઇછે અને તેવી કિતાબોનું છપાવવાનું કામ હવે વધતું જાય છે, પણ પીર મશાયખ (૨હ૦) તો અંધારાના જમાનામાં અરબી, ફારસીની કિતાબોના તરજુમા કરી જુંની ગુજરાતીના હરૂફ અને જુની ઉરદૂ ભાષામાં રાગ રાગણીઓ સાથે જેવું કે ગુજરાતમાં ભજનો અને શ્લોક વિગેરેના રાગોથી લોક ખુશી થતા હતા અને મનથી તે ગાતા હતા તેવી ઢબની એક મોટી કિતાબ જેનું નામ "દીવાને મશાયખ" છે તેની કેટલીક ફસલો છે તેમાં એક હુલીયાનું બ્યાન પણ છે (જેને છપાવવા સારૂ હું હિમત કરૂં છું) તેમાં રસુલે ખુદા સ૦અ૦સ૦ ના જુદા જુદા અવેયવોનુ તારીફ લાયક વિખ્યાન કરવામાં આવ્યું છે

મજકુર કિતાબોની ગજલો (પદોલાં) કોમમાં મરદો, ઓરતો, જઈફ અને જુવાનો સર્વેને એક સરખી રીતે ઉપયોગી અને મનન કરવા જોગ છે એવું ધારી દરેક ગામનાં આગેવાનો પોતાની કોમને દીનના હુકમમા રાખવા માટે મજકુર કિતાબો લખાવી મસજીદો અને પોતાનાં ઘરોમાં રખાવવી તે પોતાનું ફરઝ સમજે છે; તેમ કરી કિતાબો લખાવી રાખેલ છે. કોઇ વખતે લખનારાઓ કમતી હોવાથી મોટી કિમત આપવાને બખીલાઇ પણ કરતા નથી આવા ભલા ઉ-તેજનથી લખનારાઓને હાથે પીર મશાયખ (૨હ૦) ની કિતાબોની ઘણી એક ફસલો અને બ્યાનો લખાવીને રાખવામાં આવે છે જે મુમન કોમમાં ઘણા ભાવથી અત્યાર સુધી વચાય છે, પણ હલમાં મજકુર કિતાબો લખનારાઓના અછત હોવાથી અથવા ન હોવાથી ઘણા લોકો મને કહે છે કે "કિતાબોની ઘણી જરૂર છે અને લખનાર વાલા વધારે કિંમત આપવાથી પણ મલતા નથી માટે તમોએ જે પીર મશાયખ (૨હ૦) ની કિતાબોનો સગ્રહ કર્યો છે તે આપો અથવા કોઇપણ રીતે લખાવીને આપશો અથવા છાપખાનામાં છપાવીને આપશો તો એક સવાબનું કામ છે. અને કોમને ઉપકાર પણ કર્યો કહેવાશે." એવી માંગણીઓ મારા ઉપર ચારે બાજુંએ થવાથી આ કામ આવી કાગલ તથા છપાવવાની મોઘવારીના વખતમાં પણ હાથમાં લધું છે. માટે મને ખાતરી છે કે મારી કોમ જરૂર ઉ-તેજન આપી મને પુરેપુરી મદદ કરશે તો હું ઇનશાઅલ્લાહ મજકુર કીતાબ દીવાને મશાયખના બાકીના હિસ્સાંઓ પણ છપાવવાની કોશેશ કરીશ હુલીયાની કિતાબ જે હું છપાવું છું, તે મારા લાભ માટે છપાવતો નથી પરંતુ મુમનોના લાભ માટે છપાવીને પ્રગટ કરૂં છું. હું જાણું છું કે હુલીયાની કિતાબ અથવા બાજી પીર મશાયખ (૨હ૦) ની કિતાબો ઘણી

મહોબત ને લાગણીથી અમારા ભાઇઓ ભણે છે માટે મને આશા છે કે આ હુલીયાની કિતાબ પણ મારા ભાઇઓ ઘણી ખુશીથી ભણશે, અને જે કોઈ ભાઇને કાંઇ પણ રીતની શંકા હોય તો તે ભાઈ મને લખી જણાવવાની કૃપા કરશે અને તેની સાથે એ પણ હું જાણું છું કે ઘણાં એવા લોભી પણ હશે કે જે બીજાઓના મનમાં છપાએલી કિતાબ માટે શંકાઓ પેદા કરશે; પરંતુ તેની સાથે મારા ભાઇઓને એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે આ જમાનો રોશનીનો છે. અને રોશનીના ઉપર ધુલ નાખનારાના મોઢા ઉપરજ ધુલ પડશે માટે તે ખોટી શંકાઓ કાઢવી એ જ્ઞાની અને સમજુ માણસોનુ કામ નથી અને તેજ સાહેબો તેનો રદીયો પણ કરશે.

હુલીયાના બ્યાનમાં જે ગજલોના નંબર અસલી હતા તે અમોએ કાયમ રાખ્યા છે અને ગજલોના બંદ એટલે કડીઓના નંબર જે આપેલા છે તે મારી તરફથી છે આ નાની કિતાબ જે મુમન કોમ આગલ રજુ કરવામાં આવે છે તે દીવાને મશાયખની કિતાબ છપાવવાના વિચાર માટે નમુના તરીકે છે કે જેથી તે વિશે લોકોનો શો ઇરાદો છે તે જણાઈ આવે.

*

છેવટમાં હું ખુદાપાકથી દુઆ માંગું છું કે તે મારા આ કામને વધુ ઉપયોગી કરે અને આવાંજ કામ મારા હાથથી થતાં રહે એવી મને હિંમત આપે—આમીન.

લી૦ તમારો સેવક,
જમાલુદ્દીન નુરમોહંમદ સાલેહ.

૧૦ મોરલેંડ રોડ,
મહફિલે ફારૂકી
મુંબઈ પો૦ ના૦ ૮.

(બિસ્મિલ્લા હિર રહમાનિર રહીમ.)

હલીઆનું બયાન.

પદર

સુનો હલીઆ ખાતમ, નબીજી હો કેરા;
સો ચહરે કેરે નામશું, સુન લીજીઓ સવેરા. ૧

સો સૂરત નબીજી, કેરા રે બયાંના;
સુનો દીન કેરે ભાઇ, દલથી રે સાના. ૨

કે કેસી રે ખુબીશું, થે નબીજી હમારા;
એ કાંન ધર સુનના દલકે કરારા. ૩

મોહંમદ મોસતફા નબીજી, હેં કેરા રે નાંમા;
સો કયામત શફાઅત. કેરા રે ઠાંમા. ૪

વે મોબારક જાત, એસી રબને બનાઇ;
સો ખુબી સુન સુન, મન બૂઝો રે બડાઈ. ૫

રબે એસી રે ખુબીશું, કીયા નબીજીકા તના;
એ સુન સુન ખોશાલી, લાહો રે મના. ૬

જે અહમદ મોહંમદ, મોસતફા રે કહીએ;
અને ખાતમ રસૂલા, જનુ કુ લહીએ. ૭

અને બાપ તો સગલે, જીવું હો કેરે;
જે આપથી રબને, પેલે કીએ થે સવેરે. ૮

અને હાશરો જનૂકા, હેં રે નામા;
કે હાશર અનૂશુ, હોવે કયામત ઠાંમા. ૯

જે હાશમી કેલાએ, મોહંમદ રે નાંમા;
ભી ઉમી હેં કહતે, અનૂ સફતકે ઠાંમા. ૧૦

વે નબીજી હમારે, સહી રે જાંનો;
જે હયાતોલ નબી, હેં રે પેછાનો. ૧૧

સુનો ખૂબી અનૂકી, જાત હો કેરી;
કેસી રબને બનાઇ, જાત અનૂકી અનેરી. ૧૨

એ સુન સુન ખૂબી, નેહશું લીજે;
અને નેંનૂ માંહી સૂરત, વેસી રે દીજે. ૧૩

તો અજર હો કેરા, છેહ રે નાંહાં;
તો ખૂબી એ સુન સુન, નત રાખો દલ માંહાં. ૧૪

તો નત ઉઠી સુનના, એ રે બયાંના;
અને એક કર કહો, દલકી સાંના. રે તૂહો. ૧૫

નાંમ મોહંમદ મોસતફા, નબી હમારે જાન રે,
નબી હમારે જાન;
પેગંબર સાચે રબકે, ખૂબી અનંત પેછાંન રે,
ખૂબી અનંત પેછાંન. ૧૬

૫૬૩

સુનો હલીઆ એ મોબારક, મોજજુકી બાતી;
એસી રબને બનાઇ, હેં ખાતમ રે જાતી. ૧

એ હદીસકા બયાંન, હે શાહદીશૂ લહીએ;
સો વલીયૂ કેરી, શાહદી કહીએ. ૨

હે સઇદ જલાલ, મખદૂમ કહેતે;
સો હદીસશ સુનકર, સહી હે લેતે. ૩

અને ઓર ભી વલીયૂ, બાત સહી કર જાની;
એ સાચી શાહદી, કેરી રે નિશાંની. ૪

જે કો નબીજીકા હલીઆ, આપ રે લખાવે;
અને લખકર ઘરકે ભિતર રે રખાવે. ૫

તો પાદશાકે ગોસેશૂ, વે અમન રે પાવે;
જો પાદશા જાલમ, કો હુઆ રે કલાવે ૬

અને હાસદૂંકે હસદથી, વે પાવે રે અમાંના;
સો અદેખાઇ કેરા, નાંમ હસદ પેછાંના. ૭

ભી સબ રે આફિયતશ, પના દેવે રે અલાહી;
દેખો એ તો ખબર, મેં સહી રે પાહી. ૮

દેખો એસી રે ખૂબીશુ, હે નબીજી હમારા;
ફટ મોનાફક પાપી, ન કયૂ બૂઝે રે ગમારા. ૯

અને રજકને રોજી, બોંત દેવે રે રહમાંના;
જસ ઘરમાં હલીઓ, હોવે રે જાના. ૧૦

અને હાજતાં તો અસકી, રબ પૂરી રે કરાવે;
જે બંદા મોરાદ, મન માંહી રે ચાવે. ૧૧

અને ઇલતને આજાર, કૂછ હોવે રે વજુદી;
તો હલીએ સેતી, શફા માગે રે જુદી. ૧૨

તો આજાર વે જાકર, હોવે રે આસાંના;
અને મોરાદ જે ચાવે, વે હોવે રે જાના. ૧૩

દેખો એસી એસી ખૂબીશૂ, હે નબાજી હમારા;
ફટ મોનાફક પાપી, ન કયૂ બૂઝે રે ગમારા ૧૪

એ મોબારક હલીઆ, સુન સુન લીજે;
અને એક કર રબકુ, મન એતના દીજે. રે તૂહી. ૧૫

ખુબી નબીજી કેરડી, સુન સુન ગાફલ જાગ રે,
સુન સુન ગાફલ જાગ;
ઉમતી હો અસ નબીકા, જો તુજે પુરે ભાગ રે
જો તુજે પુરે ભાગ. ૧૬

પ૬૪

જે હલીઆ એ લખકર, રાખે આપ રે પાસા;
અને ઉમતી હોકર, રહવે રે દાસા. ૧

તો દોજખકી આતશ, હોવેં ઓસથી હરાંમા;
જે પાસ રાખેં હલીઆ, મોહંમદ નાંમા. ૨

અને અહલ ભી ઓસકી, અમન રે પાવેં;
કે દોજખથી ઓસકુ, રબ દુર રે રખાવેં. ૩

અબ અસથી અદકા, કયા અજર રે પાવેં;
તો નસીહત ગાફલ. મન કયું ન લાવેં. ૪

અને સતર રે ફરશતાંકુ, રબ કરે ફેરમાંના;
સો ઓસકી ગોરમાં, વે આવેં જાના. ૫

કે ઓસકે યાર હો, રહવેં ગોર માંહાં;
ઓસે અકેલા ગોરમાં, કભી છોડેં રે નાંહાં. ૬

દેખો નબીજીકે હલીએકી, એસી રે બડાઈ;
તો પયારશુ મુમન, સુનો હમના રે ભાઈ. ૭

દેખોં એસી રે ખુબીશુ, હેં નબીજી હમારા;
ફટ મોનાફક પાપી, ન કયું બુઝેં રે ગમારા. ૮

દેખો અમીરલ મુમની, અલી રે જાનો;
એ હદીસ હે અનુશુ, સહી રે પેંછાનો. ૯

સો મોરતજા અલી, રજીઅલ્લા અનહો કહીએં;
વે યું હેં કહતે, એ સુનકર લહીએ. ૧૦

કો હલીઆ મોબારક. દેખેં રે નેંના;
તો બૂઝે મેં નબીજી, દેખે દલકે મેંના. ૧૧

અસ બાતૂમાં કછુએ, શક રે નાંહાં;
એ એકીનશુ બૂઝો, દલકે માંહાં. ૧૨

સહી અલી હે કહતે, મેં નબીજીશુ સુનીઆ;
કે જોબાં મોબારક, બયાંન એસા હે કરીઆ. ૧૩

જે હલીએકુ દેખકર, સદકશુ ચાવેં;
હેં નબીજી જમાંન, કે ભેશત વે સહી પાવેં. રે તુહી. ૧૪

કે હલીઆકુ દેખ નેહશુ, નબી હૂએ જમાંન રે,
નબી હૂએ જમાંન,

કે વે સહી ભેશતકુ પાહસી, સાચા એ સહી જાન રે,
સાચા એ સહી જાન. ૧૫

પદ ૫

કે નબીજી જમાંન, હે સહી ઓસકે;
કે હલીઆ દેખ, બખત જસકે. ૧

યું નબીજી જમાંન, આપ હૂએ ઓસ કેરે;
જે હલીઆ નબીકા, દેખેં રે સવેરે. ૨

તો વાએ રે ઓસ પર, જે દેખને નાં ચાવેં;
એ બયાંન હદીસકા, કભી મન રે ન લાવેં. ૩

દેખો નબીજી હેં હોતે, ભેશત જમાંન રે આપા;
જો તો ભી કો ન દેખેં, તો પુરે ઓસકે પાપા. ૪

એસી રે ખુબીશુ, હે નબીજી હમારા;
ફટ મોનાફક પાપી, ન કયું બુઝે રે ગમારા. ૫

મોરતજા અલી હે કહતે ગવાહી સેતી;
મત બાત એ બિસારો, આંખ પલક હો જેતી. ૬

જે હલીએકુ રોજ રોજ, દેખ એક રે બારા;
નાંહી તો આઠમા દનકા, તુ કર રે કરારા. ૭

જો આઠમા ભી દંન, હોવે દેખના નાંહાં;
તો દેખના એકબાર, માસકે માંહાં. ૮

કભી મહીનેમાં દેખા, નાં તોજથી જાવે;
તો દેખના સાલમાં, એકબાર મંન લાવે. ૯

તો દોહો જહાંનથી, સહી પાવે રે મોરાદા;
એ યાદ હે રાખની, બાત હોને બંદા. ૧૦

એ મોરતજા અલીને, હે કીયારે બયાંના;
જયું નબીજીશુ સુનીઆ, આપ કરને ધાંના ૧૧

અને ઓર ભી ખાસીયત, બોંત હે બતાઇ;
પણ બોંત હોને કાજે, મે થોડી રે લખાઈ. ૧૨

અને જે કો રાખે, લખ આપ ઘર માંહાં;
તો ગમ ભી ઓસકુ, કભી હોવે રે નાંહાં. ૧૩

સબ ખોશાલીશુ ઓસ ઘર, જાવે રે દંના;
એ નેહશુ નસીહત સુન રાખો રે મંના. ૧૪

એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને નેહશુ કહો, દન ઓર રાતી. રે તુહી. ૧૫

હલીઆ દેખને નબીકા, સોખ પાવે કહી કહી રીત રે,
સોખ પાવે કહી કહી રીત;

તો ઉઠ રે ગાફલ જાગકર, દેખને દલકી પીતરે,
દેખને દલકી પીત. ૧૬

૫૬૬

જબ જહાંન રે ફાંનીશુ, નબી બકાકુ સધારે;
જે હબીબ રે નામશુ, રબકે પયારે. ૧

જબ નબીજીને રહલત, આપ ફરમાહી;
સો દારોલ બકાકુ, સુનો રે ભાહી. ૨

તબ બીબી ફાતમાં, ઓમત સો જાદી;
જે સાહાદત સહીદ, કેરી રે દાદી. ૩

સહી જાર જાર રોહે, બીબી ભર ભર નેંના;
સો નબીજીકે ચલને, વકતકે મેંના. ૪

બહોત રોને લાગે, નેનાં ભર ભર;
તબ નબીજીને પુછા, નેહ મંન ધર. ૫

કે કયૂં હો રોતે, બીબી રે તમના;
હેં રબ રે રાજી, અસ હોકમ મેંના. ૬

આખા બીબીને ન હોવેં, કયું રોના રે હમારા;
કે તમના હો ચલતે, છોડ હમના બિસારા. ૭

અબ અસરે દેદારકુ, હોવે દેખના નાંહાં;
અંબ છોપીલા ચંદા, દીન દોનીકે માંહાં. ૮

અબ જમાલ રે દેદારા, કયૂં હમ રે પાવેં;
તો રક્ત હમુ દલ, કયું ના આવેં. ૯

તબ જવાબ તો બીબીને, યૂં નબીજીકુ દીતા;
તબ જાર જાર રોના, નેંનૂ ભર ભર કીતા. ૧૦

તબ નબીજીને અલીકુ, એતા ફરમાયા;
લખો હલીઆ મેરા, યૂં રે બતાયા. ૧૧

જે દેખે અ હલીઆ, મેરા રે નેંના;
ઓને મોજકુ દેખા, સહી બૂઝ દલકે મેંના. ૧૨

દેખો ઓનેં તો દેદાર, સહી મેરા રે પાયા;
જેંને હલીઆ મેરા, નજરૂ દેખાયા. ૧૩

સહી અસ રે બાતુ પર, મેં હૂઆ રે ખોશાલા;
યું નબીજીને કહયા, ઓસહી રે હાલા. ૧૪

તબ મોરતજા અલીને, લખા સબ ચેરા;
જબ નબીજીને કહયા, કરતે મેરા. ૧૫

એ એકીનશુ બુઝો, સાચી રે બાતી;
નત દેખ દેખ કહો, દંન ઓર રાતી. રે તૂહી. ૧૬

નબીને આપ ફરમાહીયા રહલત કેરે ઠાંમ રે,
રહલત કેરે ઠાંબ;

તો હલીઆ લખા જાનીએં, અલી જનુકા નાંમ રે
અલી જનુકા નાંમ. ૧૭

બરહા.

હલીઆ નબીજી કેરડા, નિશદંન દેખોં નેંન રે;
જે સવાબકા લેખા નાંહી, જેસે તો કહે બેન રે. ૧

નબીને જે આપે કહયા, લખીયા અલીને જાન રે;
વેસા અજર પાવેં સહી, દેખેં જે નેહશું મન રે ૨

સાચા સહી એ જાનકર, મુમન રાખો આસ રે;
દેખોંને હલીઆ નિશ દન, હો હો મનશુ દાસ રે, ૩

આસાન હોવેં જીવનાં, અંતે તો જંનત ઠાંમ રે;
યું દેખતે હલીઆ સહી, હોવેં તો દો જગ કાંમ રે. ૨૧

પડના તો ઓસથી ભલા, દેખ દેખ દોનૂ નેંન રે;
ખુબી બૂઝ નબીકી, પડતે તો એંસે બેંન રે. ૨૨

લખનાર અસ કતાબકા, પાદશાકે પાસ થા ગયા;
હારૂન રશીદ નાંમશું, પાદશા તો હેં સોનકર લહયા. ૨૩

સોના કે વે જાલમ થા, કરતા જોલમકે કાંમ રે;
અસકા ન લીજીએ, પરભાત ઉઠકર નાંમ રે. ૨૪

વે ભી હલીઆ દેખકર, આપ ઉઠ ઠાડા ભયા;
એસી ખોશાલીશું હલીઆ, ઓને સોનકર લહયા. ૨૫

દીયા બોંતેરા બોંત કુછ, લાનાર કેરે નાંમ રે;
જાલમ ભી એંસે નેહશુ, કીયા એ દેખતે કાંમ રે. ૨૬

તો મુમન કયું નાં ખુબી, હોવેં એ દેખતે જાન રે;
નસીહત એતી કાંનમાં, સોન સોન ભાઇ માંન રે. ૨૭

ખુબી નબીજી અપને, કેરી નો એ જાનો સહી;
હલીઆ દેખેંશું છુટીએં, ખબર એ સાચી કહી. ૨૮

એસી તો ખુબી આપની, પાઇ જો પુરે ભાગ રે;
ગાફલ સોના છોડકર, સોન સોન એ તુ જાગ રે. ૨૯

૫૬૭

દેખો ખેરૂલ રે ખલક, ખેરૂલ બશરા;
જનૂ મોહંમદ્દ મોસતફા, નાંમ હેં ધરા. ૧

એ સોલતાંન અંબીયા, એંસે રે કહીએં;
એ ખાતમ રસૂલા, સહી કર લહીએં. ૨

દેખો રબને અનુકી, જાત એસી રે બનાઈ;
કેસી જાત બરાબર, સરખી કેલાઇ. ૩

થે બરાબર આઅજે, સબ એક એક માંહાં;
કો કસી પર અદકા, દેખાતા થા નાંહાં. ૪

જબ દેખનારા દેખકર, ચેંરા રે ચાવેં;
તબ સબ સરખા, નજરૂ રે આવેં. ૫

દેખો કદ ભી મોબારક, એસા થા કલાયા;
ન નંના ને બડા, સબ સરખા દેખાયા. ૬

સહી મીયાન કદ, થા નજરૂ રે આતા;
જે જાત રે મોબારકકુ, દેખને ચાતા. ૭

કભી નીચે કદ સાથે, નબી બરાબર આતે;
તો ઓસ હો જેંસે, અસ સાથે થે દેખાતે. ૮

અને એકલે જો નબીકુ, કો દેખને ચાવેં;
તો નબીજીકા કદ, થા મીયાના દેખાવે. ૯

સુનો એ ભી નબીજીકે, મોજજુકી બાતી;
એસી રબને બનાઇ, થી મોબારક જાતી. ૧૦

કો દેખતા નબીકુ, બેંઠે મજાલસ માંહાં;
તો ઉચે થે દેખાતે, નાં કો એસા રે નાંહાં. ૧૧

અને સર તો મોબારક, એસા થા સોણાયા;
કે નંના ને બોજરક, લખેશું પાયા. ૧૨

અને દેખતે અકલ, ઘણી સરમાં દેખાતી;
યું સરકી ખુબી, નજરૂં તરત જ આતી. ૧૩

દેખો એસી રે ખુબીશુ, હેં નબીજી હમારા;
ફટ મોનાફક પાપી, નાં કયુ બૂઝેં રે ગમારા. ૧૪

અને નબીજીકે હલીએકી, સોન સોન બાતી;
અંને એક કર કહો, એતા દન ઓર રાતી. રે તૂહી. ૧૫

નબીજી કેરે તનકી, ખુબી થી બોંત જાન રે;
ખુબી થી બોંત જાન,

હલીઆ સોન નબીકા, એંસે થે પછાંન રે,
એંસે થે પછાંન. ૧૬

૫૬૮

અને બાલ તો મોબારક, સર હો કેરે;
સહી વે ભી મીયાંને, થે સોણીઆ સવેરે. ૧

ન ઘેરલીયાં હો સેતી, બોંત થે દેખાતે;
અને ન બોંત સીધે, થે નજરૂ આતે. ૨

અને મુશક હો જેસી, થી બાલું માંહી બાસા;
એસા તન તો નબીકા, કીયા રબને ખાસા. ૩

અને ખેંચતે બાલ કાંનુકી, લોલુ તક આતે;
અને કભી તો ખબૂ તક, પહોંચતે સોણીતે. ૪

અને કભી જો બાલુકુ, ખેંચતે નાંહાં;
તો બાલ સહી રહતે, આપ આવ ઠાંમ માંહાં. ૫

સહી એસી રે સફતશું, થે મોબારક બાલા;
થે રબને બનાએ, બાલ એંસે રે હાલા. ૬

ન પીરકી નિશાની, બાલું માંહી પાઇ;
એસી મોબારક જાત, થી રબને બનાઇ. ૭

થે બીસ બાલ મોબારક, ડાઢીકે માંહાં;
સો ઉજલે અસ બન, કો દેખાતા થા નાંહાં. ૮

અને રંગ મોંહૂ કેરા, થા ઉજલા જાનો;
અને રોશની એોસમાં, થી અનંત પેંછાંનો. ૯

સો જેસા પુનમ, કેરા રે ચંદા;
એસી નબીજીકી ખુબી, થી રબ રે દહંદા. ૧૦

જે દેખનારા નેહશું, દેખને આતા;
જેસા પુનમકા ચંદા, એસા નજરૂં આતા. ૧૧

અને જયુ જયુ દેખ દેખ, નજર દોડાતા;
સહી તૂઉ તૂઉ ખુબીકા, છેહ રે નાં પાતા. ૧૨

વે જાત ભી નરમી, થી ખુબીશું કેંલાઈ;
એસી મોબારક મોંહૂ પર, થી રે રોશનાઇ. ૧૩

દેખોં એસી રે ખુબીશુ, સહી નબીજી હમારા;
ફટ મોનાફક પાપી, ન કયુ બૂઝે રે ગમારા. ૧૪

એ હલીઆ હો કેરી, સહી સૂનની બાતી;
સો નેંનૂ માંહી રાખોં, એસી મોબારક જાતી. ૧૫

તો હો બેગે ઉમતી, અસ નબીજી હો કેરે;
અને એક કર રબકુ, મન દેઓં યુ સવેરે. રે તૂહી. ૧૬

અનંત ખુબીશુ જાનીએં, ખાતમ નબીકી જાત રે,
ખાતમ નબીકી જાત;
નેંનૂ ભર ભર દેખના, સૂન સૂન ચેંરા બાત રે,
સૂન સૂન ચેંરા બાત.

૫૬૯

અને કોશાદી તો મોબારક, થી રે પેશાંની;
અને સૂરખી હો કેરી, થી રે નિશાંની. ૧

થીઆં ભવાં તો મોબારક, જેસી રે કમાંના;
અને દોનૂ બીચમાં, છેટા થા જાના. ૨

પણ દલકે શકાર કાજે, થીઆં મલીઆં દેખાઇ;
દેખોં ખુબી નબીજી, કેરી રે બડાઇ. ૩

અને મોબારક ભવાં, બીચ રગથી દેખાતી;
સો ગોસેકે વકત, હો ઉચી રે આતી. ૪

અને નંના રગોસન, થીઆં ભી એસી;
જેસી મોબારક જાતકી, ખુબી રે વેસી. ૫

દેખો નેંનૂ કેરી ખુબીકા, કુછ છેહ રે નહીં પાયા;
એંસે ખાતમ અંબીયા, હેં રબને બનાયા. ૬

દેખો સોફેદી નેંનૂકી, બોત સોફેદ કેંલાઇ;
અને રોશની ઓસમાં, થી બોત રે દેખાઇ. ૭

અને સેયાહી ભી શાઈ થી, અંતે રે બોંતેરી;
અને અસમાં રોશની, થી રે અનેરી. ૮

દેખો સેયાઇ નેંનૂકી, થો રોશનીશું કાલી;
અને અસ રે ભિતર, કુછ દેખાતી લાલી. ૯

અને આંખાં કે અંદરકી, ખુબી કહી નાં જાતી;
એસી ખુબી હો સેતી, થી મોબારક જાતી. ૧૦

ભી દેખનેકી બશારત, થી રે બોતા;
કે રાતકુ ભી દનસા, માલુમ રે હોતા. ૧૧

દેખો એસી રે ખુબીશું, હેં નબીજી હમારા;
ફટ મોનાફક પાપી, ન કયું બૂઝેં રે ગમારા. ૧૨

તૂ દેખ દેખ મુમન, સોન રે ભાઈ;
ખુબી ખાતમ નબીકી, જાતકી બડાઈ. ૧૩

એ સોન સોન ભાઇ, દેખ દલકે મેંના;
અને કેહ તૂ બૂઝકર, ભેદ એ બેંના. રે તૂહી ૧૪

મૂમન નેહશૂં ચાહકર, હલીયા દેખને જાય રે;
હલીયા દેખને જાય;
સોન સોન ખૂબી નબીકી, દલમાં નકશ કરાય રે,
દલમાં નકશ કરાય. ૧૫

૫૭૦

થે ગાલ તો મોબારક, બરાબર કહીયે;
ના પાસે ના બોલંદ, થે રે લહીયે. ૧

સો અસતખાના મૂહશૂં, થે સમે રે દેખાતે;
ના બોલંદ દેખનેમાં, નજરૂં આતે. ૨

ન અસતખાન સેતી, નીચે ભી કલાએ;
યૂં બડે રે ગાલ, થે રે સોણાએ. ૩

ખૂબી મોબારક ગાલૂંકી, એસી રે દેખાઇ;
અને લાલી ભી ખૂબીશૂં, બોંત નજરૂં આઇ. ૪

અને નૂર હો કેરા, છેહ નહીં રે સોનાયા;
દેખો એસી રે ખૂબીશૂં, નબી ખાતમ બનાયા. ૫

દેખો એસી રે ખૂબીશૂં, હેં નબીજી હમારા;
ફટ મોનફક પાપી, ન કયૂં બૂઝેં રે ગમારા. ૬

અને મોબારક બીની, નાક જે નાંમા;
વે તલેથી લાંબી, ખૂબીકે કાંમા. ૭

અને કછૂ એક બોલંદ, રીતથી દેખાતી;
અને આસપાસ રોશની, નજરૂં થી આતી. ૮

અને મોબારક મૂંહ, થા એસા રે જાનો;
રીત કોશાદગી કેરી, કૂછ થા રે પેછાંનો. ૯

પણ નરમી ને ખૂબી, થી બોંત રે બોંતેરી;
સો લખી રે ન જાવે, એસી સૂનીઓ સવેરી. ૧૦

થે નૂરશૂં ઝલકતે, મોબારક દાંતા;
અસ ઝલકાટ સેતી, કૂછ અંધારેમાં પાતા. ૧૧

થે મોતીકી રીતે, પન નૂર રે અપારા;
હોતા અંધારેમાં ઓજાલા, એસા દેખો રે શોમારા. ૧૨

ભી મોબારક દાંત થે, કૂછ છેટે હો સેતી;
અને ખૂબી તો જેતની, તમે ચાહો થી તેતી. ૧૩

વે કભી એક મોબારક, દાંત ખોલતે દેખાતે;
તબ બોલતે નૂરકે, સોલે નજરૂ આતે. ૧૪

દેખો એસી થી રોશની, હોતા અંધારે ઓજાલા;
કે નેહશું કહો, એ સોનતે હાલા. રે તૂહી. ૧૫

ગાફલ કયૂ સોકર રહે, હલીએકી સોન બાત રે,
હલીએકી સોન બાત;
ખૂબીશૂં ખૂબી બોંતથી, ખાતમ નબીકી જાત રે,
ખાતમ નબીકી જાત. ૧૬

૫૭૧

અને ડાઢી તો મોબારક, ગેરદથી જાનો;
અને ઘેરી ભી મોબારક, ડાઢી થી માંનો. ૧

અને મૂછાં મોબારક થીઆં ખૂબીશૂં સોનાઇ;
નાં ખૂબીકી સફત, જાતી રે લખાઈ. ૨

અને હોઠું કી લબશૂં, થી ટૂકી રે કરાઇ;
સહી મોબારક મૂછાં, એસી રીતથી રખાઇ. ૩

દેખો મૂશક હો કેરી, થી બાલૂં માંહી બાસા;
અને રંગ ભી વેસા, કહીયે રે ખાસા. ૪

સૂનો ખૂબી ગરદન, નબીજી હો કેરી;
સો ઉચાઇ હો સેતી, થી સોનીઓ સવેરી. ૫

જયૂં હંસકી ગરદન, કેરી રે મસાલા;
એસી ઉચાઇ બનકા, થા રે હાલા. ૬

અને ઓજલા રંગ થા, બોંત રે નૂરાની;
જેસા ગાલા રૂપા, બાત એસી રે જાની. ૭

અને અસકે ભિતર, થી રે રોશનાઈ;
ખૂબી મોબારક ગરદનકી, એસી રે લખાઇ. ૮

અને ખબે મોબારક, થે દો રે સરખે;
દોનૂ સરખે ખૂબીશૂં, દેખને પરખે. ૯

અને અસમાં ખૂબીશૂં થા રંગ રે લાલા;
કૂછ મસાલ વે બૂઝીઓ, જયૂં ફૂલ રે ગલાલા. ૧૦

ભી નૂર હો કેરી, બોંત થીં રોશનાઇ;
ખૂબી ખબૂ હો કેરી, એસી ખબર હેં પાઈ. ૧૧

અને મહોરૂ થી નબૂઅત, દોનૂ ખબું કે માંહાં;
એ ખૂબી હો કેરા, કૂછ છેહ રે નાંહાં. ૧૨

એ નૂર પર નૂર, રોશન દેખાવેં;
એ ખુબી હો કેરા, કૂછ છેહ રે ન પાવેં. ૧૩

દેખો એસી રે ખૂબીશૂં, હેં નબીજી હમારા;
ફટ મોનાફક પાપી, ન કયૂં બૂઝેં રે ગમારા. રે તૂહી ૧૪.

અનંત ખૂબીકા સાહબા, નબી હમારે જાન રે,
નબી હમારે જાન;
અંતે શફાઅત અનૂકી, હોસી સાચા માંન રે,
હોસી સાચા માંન. ૧૫

૫૭૨

દેખો રોશન મોબારક, થા રે સીના;
થી શફાઈ રોશન, ન રેંતા રે કીના. ૧
અને નૂરકા ખજેના, થા રબ કેરા;
બૂઝો કોરસી રહમાની, જેસા રે સવારા. ૨
અને ગંજ રે ઇલમકા, રબે ઓસમાં ભરાયા;
દેખો મોબારક સીના, એસી ખુબીશું સોનાયા. ૩
અને સીના તો મોબારક, કોશાદ થા જાનો;
એ નેહ હો સેતી, ખુબી રે પેછાનો. ૪
અને પેટ તો મોબારક, અલી રે કહીરા;
રબકે નેહશું, પુર થા રે કરા. ૫
વે બરાબર સરખા, પેટ થા હેલાયા;
એ ખુબી હો સેતી, લખા મેં પાયા. ૬
અને સીનેશું ડુંટી તક, ખત થા દેખાતા;
સો મુશક હો જેસા, રંગ થા સોનાતા. ૭
એસી ખુબી હો સેતી, થીં બાલુકી નકીરા;
એ સોન સોન ખુબી, તૂ મેરા રે વીરા. ૮
વે ખત રે બારીક, બોંત ખુબ થા દેખાતા;
સો સીનેથી સો ડૂટી તક, થા રે કલાતા. ૯

અને અવર તો સીને પર, ન થે રે બાલા;
અને પેટકા ભી સીને સા, થા રે હાલા. ૧૦

દેખો એસી રે ખુબીશું, હેં નબીજી હમારા;
ફટ મોનાફક પાપી, ન કયું બૂઝે રે ગમારા. ૧૧

સહી ખાતમ નબીકા, એસા હલીઆ પેંછાનો;
વે નકશ તો દલમાં, લખ લખ આંનો. ૧૨

એ એક્ષીનશું એસા, દલ ભિતર લખા હો;
યું દેદાર નબીકા, નત દેખેશું પાહો. ૧૩

તો અવર કયું કરની, અસ બના. કો કમાઈ;
એ સોન સોન નિશદંન, મન એતના લાઇ. રે તૂહી. ૧૪

બદનમાં ખુબી દેખીએ જયાં જયાં નહીં છેહ રે,
જયાં જયાં નહીં છેહ;
એસી ખુબીશું રબને કીતી ખાતમ દેહ રે,
કીતી ખાતમ દેહ. ૧૫

૫૭૩

દેખો મોબારક બીની, કે જે મુંહ કેરી ઠાંમા;
મોસતનશક નકસોરૂ, કેરા જે નાંમા. ૧

થી ખુશબો બોસમાં, બોંત રે બોંતેરી;
કુછ છેહ રે નાંહા, એસી સોણીઓ સહેરી. ૨

અને અજીમ થે ખબે, મોબારક જાનો;
અને જીનદીન નબીકે, થે રે પેંછાનો. ૩

સો હાથકે હાડું, કેરા રે નાંમા;
જે પુચેથી સો કુની તક, હે રે ઠાંમા. ૪

અને મોબારક બાજુઆં, પુરથી કલાઇ;
એસી મોબારક હાથુંકી, ખુબી રે સોણાઇ. ૫

અને જીનદીન બારીક, થે રે જાનો;
જે પુચેથી સો કુની તક, હે રે પેંછાંનો. ૬

ભી નેહાયત ખુબી, થીં જીનદીન માંહાં;
અસ રે ખુબીકા, કુછ છેહ રે નાહાં. ૭

દેખો હાથેલીયાં મોબારકમાં, થી રે નરમાઇ;
સો રેશમી કપડેથી, બોંત રે સોનાઇ. ૮

અને ખુબી ભી ઓનમાં, બોંત થી દેખાતી;
થી અસંખ ખુશબો મુશકકી આતી. ૯

અને ઉંગલીઆં મોબારક, પગ રે હાથા;
વે અસતવાર થીયાં, સબ રે સાથા. ૧૦

યું થીયાં રે સખત, ભી ભારી રે જાનો;
કાજ અબાદતકે લીતે, સહી રે પેંછાનો. ૧૧

અને સીના મોબારક, હલકા સોણાયા;
સો થોડે રે માંસ શુ, થે લખને બતાયા. ૧૨

ન બોંત થે લાંબે પોલે ભી નાંહાં;
થી એસી રે ખુબી, સીને મોબારક માંહાં. ૧૩

થે કદમ મોબારક, ઉંચે જમીશું રેતે;
અને જમીંકુ લાગતે, કો નહી રે કેંતે. ૧૪

અને કદમકી પીઠ, થી બરાબર કહીયે;
સો સમી રે બરાબર, થીં રે લહીયે. ૧૫

અને કોજલકી નકીરા, કુછ ન થીં રે દેખાતી;
એસી કદમુંકી ખુબી, થીં રે સોનાતી. ૧૬

યું નબીજીકા હલીઆ, સબ બૂઝો રે તમામા;
નેહ દલ રાખ કર, કહો એ નાંમા. રે તૂહી. ૧૭

હલીઆ નેહશુ સોનકર, નકશ કરો દલ માંહી રે,
નકશ કરો દલ માંહી;

શફાઅત એનૂકી એ છુટીએ, અવર બાત કછુ નાંહી રે,
અવર બાત કછું નાંહીં. ૧૮

૫૭૪

થીયાં હાથેલીઆં કોશાદી, નબીજી હો કેરી;
અને નરમી અનૂમા, થી રે અનેરી. ૧

અને ઉંગલીઆં પગુંકી, તૂલ થીં કલાઇ,
પણ ખુબી હો સેતી, થીં રબને બનાઇ. ૨

સૂનો હલીઆ પુરા, સહી નબીજી હો કેરા;
એ એકીન દલમાં, દેઓ એ સવેરા. ૩

દેખો ખાતમ અંબીયા, કેંસે રબને બનાએ;
સબ આઅજે નબીકે, બોંત ખુબીશું દેખાએ. ૪

દેખો એસો રે ખુબીશું, હેં નબીજી હમારા;
ફટ મોનાફક પાપી, ન કયું બૂઝે રે ગમારા. ૫

થા મુંહ તો મોબારક, જેસા પુંનમકા ચંદા;
અને અનંત તો બાસા, રબે થા રે દેહંદા. ૬

એસી અમર મુશકકી, ન હોવે રે બાસા;
વેસી બાસનાશું નબીકા, તન કિયા થા ખાસા. ૭

કે અનસ બન માલક, રજી અલ્લાહ અનહો કહીએ;
વે યું હેં કેતે, એ સોન કર લહીએ. ૮

કે અમર મોશકકી, એંસી બાસના રે નાંહાં;
મેં જેંસી રે મેંકી, બાસ નબી તન માંહાં. ૯

જે દસપોસી આવકર, નબીજીસુ કરતા;
દલ ઓસકા બાસના, સેતી રે ભરાતા. ૧૦

સારા દન વેં બાસના, ઓસ હાથથી આતી;
પણ બાસનાકી ખૂબી, નાં કહી રે જાતી. ૧૧

અને જસ રે સગીર સર, નબી હાથ રે ફરાતે;
વેં દન સારા, બાલ સરકે મેંકાતે. ૧૨

અને અવર ભી બાંસના, અસ તોલે રે નાં આતી;
એસી ખૂબી બોંત બાસના, થી રે બસાતી. ૧૩

એસી રે ખૂબીસૂં, હેં નબીજી હમારા;
ફટ મોનાફક પાપી, ના કયૂં બૂઝે રે ગમારા. ૧૪

એ સોન સોન બાતી, સહી કર લીજેં;
અને એક કર રબકુ, મન એતના દીજેં. રે તૂહી. ૧૫

સોન સોન ગાફલ જાગ કર, એહ બોંત ખૂબ બાત રે,
એહ બોંત ખૂબ બાત;

સોનતે ઈમાંન આવ કર, પાકજ હોવે જાત રે,
પાકજ હોવે જાત. ૧૬

આ કિતાબમાં આવેલ અઘરા શબ્દોનો કોશ.

(નીચે ટુંકમાં આપેલ શબ્દોને અ૦ અરબી, ગુ૦ ગુજરાતી, પં૦ પંજાબી, ફા૦ ફારસી, સ૦ સંસ્કૃત, હી૦ હીંદી, વિગેરે સમજવા.)

અજીમ—(અ૦ અઝીમ) મોટું. મહત્તા.
અનેરા—(ગુ૦ અનેરૂ) બીજું. જુદી તરેહનું.
અનંત—(સં૦) અપાર. અખૂટ. છેડા વગરનું.
અમન—(અ૦) સંરક્ષણ. આશરો.
અમીરોલ મૂમનીન—(અ૦અમીરૂલમમનીન) મુસલમાનોનો સરદાર. મઝહબી બાદશાહ.
અલા, અલ્લા—(અ૦ અલ્લાહ) ખુદા તઆલાનાં બીજાં તમામ નામો સફાતી છે. પણ આ અરબીમાં જાતી નામ છે.
અસંખ—(ગુ૦ અસંખ્ય) જેની ગણત્રી થઈ ન શકે તેવું. બેસુમાર.
આઅજા—(અ૦ અઅઝા) હાથ, પગ વિગેરે શરીરના ભાગ. અવયવ.
ઈલત—(અ૦ ઇલ્લિત) ટેવ. વ્યસન.
ઈલમ—(અ૦ ઇલ્મિ) વિદ્યા. જ્ઞાન. હુન્નર.
ઉમી—(અ૦ ઉમ્મી) વગર ભણેલો આદમી. હઝરત મહમ્મદ તરફ ઇશારો છે.
ઓસતખાંન—(ફા૦ ઉસ્તખાં) હડ્ડી. હાડકું.
કદ—(અ૦) શરીરની ઊંચાઈ.
કેરા, કેરી, કેરે—(હી૦) નો, ની, ના.
કો—(ગુ૦) કોઈ.
કોશાદગી—(ફા૦ કુશાદગી) ચોડાઈ.
કોશાદા—(ફા૦ કુશાદહ) ચોડા. ખુલેલુ.
ખત—(અ૦) નકીર. લીટી.
ખાતમ—(અ૦ ખાતિમ) પૂરૂ કરનાર. તમામ કરનાર.
ખૂબી—(ફા૦) ગુણ. ભલાઈ. બડાઈ.
ગોર—(ફા૦) કબર. મુડદાંને દાટવાનો ખાડો.
ગોસા—(અ૦ ગુસ્સા) ક્રોધ. રીસ.
ગંજ—(ફા૦) જથો. અંબાર.
ચેરા—(ફા૦ ચિહા) સૂરત. સિકલ.
ચંદ—(હી૦) ચંદ્ર.
છેહ—(ગુ૦) અંત. છેડો.
જમાલ—(અ૦) ખુબ સૂરત.
જમી—(ફા૦ ઝમી) ધરતી. જમીનનું ટુકું રૂપ.
ઝલકના—(હી૦) પ્રકાશનું.
ઠાડા—(હી૦) ઊભો.

દારોલ બકા—(અ૦ દારૂલ બકા) આખરતનુ ઘર. બીજી દોનીયાં.
દીદાર—(ફા૦) દર્શન. કોઈ બુજરગને ભાવ સાથે જોવું તે.
દેહ—(હી૦) શરીર.
નકશ—(અ૦) તસવીર. ચિત્ર.
નકીર—(ફા૦ લકીર) લીટી.
નત—(હી૦ નિત) હમ્મેશાં.

નબૂઅત, **નબૂવત** } (અ૦ નુબૂવત) પેગમ્બરી.

નસદન—(હી૦ નિસદિન) રાત દહાડો. હમ્મેશાં.
નાંહી—(હી૦ નાહી) નહીં. નકાર અર્થે.
નેહાયત—(અ૦ નિહાયત) બહુ. ઘણું.

પના, **પનાહ** } (ફા૦ પનાહ) રક્ષણ. આધાર.

પરભાત—(સં૦ પ્રભાત) પરોઢિયું. સવાર.
પાક—(ફા૦) પવિત્ર. ચોખ્ખું.
પાદશા—(ફા૦ પાદશાહ) બાદશાહ. મુસલમાન રાજા.
પાપી—(હી૦) અધર્મી. કર્મચંડાળ.
પીર—(ફા૦) બૂઢાપો. ઘરડપણ.
પેગંમર—(ફા૦ પૈગમ્બર) સત્ય ધર્મ પ્રસારક. અલ્લાનો હુકમ લાવનાર.
પેશાંની—(ફા૦ પેશાની) કપાળ.
ફટ—(હી૦ ફિટ) ધિક. લાનત. ધિક્કારવાનો શબ્દ.
ફાતમા—(અ૦ ફાતિમા) સૈયદુન નિસા હઝરત ફાતમતુઝ ઝહરાનું નામ મબારક. જે હઝરત મુહમ્મદ સલ્અમની દીકરી છે તે.

ફાંની—(અ૦ ફાની) ફનાં થનાર. મરનાર.
બખત (ફા૦ બખ્ત) ભાગ્ય. નશીબ.
બદન—(અ૦) શરીર. અંગ.

બયાંન, **બેંન** } (ફા૦ બયાન) વર્ણન. હકીકત. બનાવ સંબંધી હેવાલ.

બોનંદ, **બોલંદ** } (ફા૦ બુલંદ) ઊંચુ.

ભાગ—(સં૦ ભાગ્ય) નશીબ. તકદીર.
મસાલ—(અ૦ મિસાલ) બરાબર. સમાન.
મીયાંના—(ફા૦ મીયાના) વચલું.
મીયાંના કદ—(ફા૦ મીયાના કદ) મોટું નહિ તેમ નાનું નહિ તેવું કદ.
મૂમન—(અ૦ મૂઅમિન) ઈમાંન લાવનાર. ધર્મને માનનાર.
મોનાફક—(અ૦ મુનાફિક) ઠગ. કપટી. પોતાનું હોય તેથી જૂદું બતાવનાર.

મોબારક—(અ૰ મુબારક) શુભકારી.

મોસતફા—(અ૰ મુસ્તફા) ખુદાના પૈગમ્બર હઝરત મુહમ્મદ સલ્અમનો લકબ.

મોહુંમદ સ૦ અ૦ વ૦—(અ૰ મુહમ્મદ સ૰ અ૰ વ૰) રસૂલે ખુદા સલ્લલ્લાહો અલેહે વ સલ્લમનું નામ મુબારક, જે ઇસ્લામ ધર્મના પૈગમ્બર અને આખરી જમાંનાના નબી છે તે.

રકત—(અ૰ રિક્ત) રડવું. દિલ ભરાઈ આવવું.

રજીઅલ્લા અનહો—(અ૰ રદેયલ્લાહો અનહો) ખુદા તે મરદથી રાજી થાઓ.

રહલત—(અ૰ રિહલત) સફર. મુસાફરી. મોત.

વજૂદ—(અ૰ વુજૂદ) શરીર.

વસાલ—(અ૰ વિસાલ) મલવું. મોત. દીનના બુજરગોનું મોત.

વીરા—(ગુ૰ વીરો) ભાઈ. (વહાલમાં)

શફાઅત—(અ૰) ગુન્હેગારોના ગુન્હાઓની ક્ષમા માટે ભલામણ.

શાંન—(અ૰ શાન) મરતબો. પદવી.

શોમાર—(ફા૰ શુમાર) આસરે. હિસાબ.

શોલા—(અ૰ શુઅલા) રોશની. પ્રકાશ.

સગીર—(અ૰) નહાનું. થોડી વયનું.

સદક—(અ૰ સિદક) સાચાઈ. સત્યતા.

સફત—(અ૰ સિફત) ગુણ. તારીફ.

સબ—(હી૰) કુલ. તમામ.

સવેરા—(હી૰) જલદી.

સાંન—(ગુ૰ સાન) ઇસારત.

સાંન—(હી૰ સ્યાન) દાનાઈ. હોશિયારી.

સે } (હી૰) થી. સાથે.
સૂં }

સાંતી—(હી૰) સૂ. થી.

હદીસ—(અ૰) રસૂલે મકબૂલનો કોલ અને ફેલની ખબર.

હલીયા—(અ૰ હુલિયા) ચેહેરો. સૂરત.

છપાવી પ્રગટ કરનાર જમાલુદ્દીન નૂરમહંમદ સાલેહ, મોરલૅન્ડ રોડ, ભાયખલા, તાન્ત નૂરાની ચાલ, મુંબઈ ને ઍંગ્લો-પરશીઅન પ્રેસમાં નાં૰ ૩૦૯, ફ્રીઅર રોડ, ફોર્ટ, મુંબઈ, કેખશરૂ રૂસતમજી માસ્તરે છાપી છે.